email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

પ્રતિ,
તંત્રીશ્રી,

તા.૨૫.૦૬.૨૦૧૫

## અખિલ ગુજરાત લોહાણા સમાજની વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ના સમયગાળાની પંચમ કારોબારી સભાનું નારાયણ સરોવર (કચ્છ) ખાતે સફળ આયોજન

અખિલ ગુજરાત લોહાણા સમાજના વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ના કાર્યકાળ માટેની પંચમ કારોબારી સભાનું તા.૨૧ જૂન, ૨૦૧૫ના રોજ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને તથા શ્રી નારાયણ સરોવર લોહાણા મહાજન તથા શ્રી કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર તથા ભોજનાલયના યજમાન પદે તથા અખિલ ગુજરાત લોહાણા સમાજના કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીશ્રી વસંતભાઈ કોડરાણીના સંપૂર્ણ આર્થિક સહયોગ દ્વારા ખૂબ જ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કારોબારી સભાને સફળ બનાવવા સમગ્ર ગુજરાતના ગામ શહેરોમાંથી હોદ્દેદારો તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**<u>કારોબારી સભાની પૂર્વસંધ્યાએ</u>**

કચ્છ જિલ્લો સમગ્ર દેશનો સૌથી મોટો તેમજ ઐતિહાસિક તથા સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતો જિલ્લો છે અને નારાયણ સરોવર (કચ્છ) ખાતે લોહાણા સમાજની સૌ પ્રથમ વખત વહીવટી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જે સફળતાપૂર્વક સંપન્ન થયું. કચ્છ જિલ્લાના દરેક ગામ / શહેરના જ્ઞાતિબંધુઓમાં એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પંચમ કારોબારી સભાની પૂર્વ તૈયારીના ભાગસ્વરૂપે મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ', મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર, કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા, યુવા સમિતિના મહામંત્રીશ્રી સુમિતભાઈ ઠક્કર વગેરેએ તા.૧૩ તથા ૧૪ જૂન, ૨૦૧૫ દરમ્યાન રૂબરૂ મુલાકાત લઈ માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. તા.૨૦.૦૬.૨૦૧૫ને શનિવારના રોજ મોટા ભાગના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો નારાયણ સરોવર પહોંચવા માટે કટીબદ્ધ હતા અને કચ્છ વિસ્તારમાં પ્રવેશ કરતાં જ માધાપર લોહાણા મહાજન દ્વારા શ્રી હરી શાંતિનિકેતન આશ્રમ ખાતે પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર, આરોગ્ય સમિતિના પ્રમુખશ્રી ડૉ. નંદલાલ માનસેતા સાહેબ, શ્રી દીપકભાઈ કારીયા (ડી.પી. કારીયા લેક – નરોડા, અમદાવાદ), આણંદ લોહાણા મહાજનના પ્રમુખશ્રી પ્રવિણભાઈ ઠક્કર તથા તેમની ટીમ શ્રી વસંતભાઈ સોમૈયા, શ્રીમતી નીતાબહેન ગઢીયા (સુરત) વગેરેનું ભવ્ય સ્વાગત તથા ભોજન પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ મીરાણી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી પોપટભાઈ રતાણી વગેરે હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ભૂજ ખાતે ભૂજ લોહાણા મહાજન પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ ઠક્કર, મંત્રીશ્રી બાલકૃષ્ણભાઈ ઠક્કર વગેરેની ઉપસ્થિતિમાં ધારાસભ્ય શ્રીમતી નીમાબહેન આચાર્યના અધ્યક્ષસ્થાને મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ ઠક્કરને અખિલ ગુજરાત લોહાણા સમાજની પ્રવૃત્તિઓને બિરદાવતાં જણાવ્યું હતું કે, વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપણા જ્ઞાતિબંધુઓને મળી રહે તે માટે યોગ્ય સંકલન કરવું જરૂરી છે.

ત્યારબાદ મીત મેડિકલ સ્ટોર ખાતે ઉત્તર ગુજરાત લોહાણા સમાજ દ્વારા સ્થાપિત રઘુવંશી એજ્યુકેશન એન્ડ

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યક્તિગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૨૫૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહિતી ઘેરબેઠા મેળવો.

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

મેડિકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી જિતેન્દ્રભાઈ ઠક્કર, શ્રી કિશોરભાઈ ઠક્કર, શ્રી મુકેશભાઈ ઠક્કર (પારી), શ્રી સુરેશભાઈ એમ. ઠક્કર, શ્રી નટુભાઈ ટી. ઠક્કર વગેરેની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જ્યાં અખિલ ગુજરાત લોહાણા સમાજના તમામ હોદ્દેદારોને કચ્છ વિભાગમાં હ્દયપૂર્વક આવકાર્યા હતા. નખત્રાણા ખાતે શ્રી ગોવિંદભાઈ ઠક્કર (પલાણ) તથા શ્રીમતી મીતાબહેન પલાણ (ફન એન્ડ ફૂડ હોટલ પરિવાર) દ્વારા સૌનું સ્વાગત તથા અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

દયાપર ખાતે સમગ્ર કચ્છ જિલ્લામાંથી ઉપસ્થિત થયેલા યુવાનો દ્વારા ઢોલ – શરણાઈ સાથે ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને દયાપર લોહાણા મહાજન વાડી ખાતે સૌનું સન્માન કરવામાં આવ્યું હતું લખપત તાલુકા લોહાણા મહાજનના પ્રમુખશ્રી દિનેશભાઈ ઠક્કર આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહીને સૌને હ્દયપૂર્વક આવકાર્યા હતા. દયાપર લોહાણા મહાજનના પ્રમુખશ્રી પિયુષભાઈ અનમ દ્વારા અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરનું શાલ ઓઢાડી સ્વાગત – સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સૌ હોદ્દેદારોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખિલ ગુજરાત લોહાણા સમાજ કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા, યુવા સમિતિના મહામંત્રીશ્રી સુમિતભાઈ ઠક્કર, કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખશ્રી વસંતભાઈ કોડરાણી, મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’, મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર તથા પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ લખપત તાલુકા રઘુવીર સેનાના યુવા પ્રમુખશ્રી દીપકભાઈ રેલોનના માર્ગદર્શન હેઠળ દયાપર થી નારાયણ સરોવર સુધી થેલેસેમિયા જાગૃતિના ધ્યેય સાથે અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તથા તેમની ટીમના ભવ્યાતિભવ્ય સ્વાગત માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજિત ૫૦ ઉપરાંત બાઈક સવાર રઘુવંશી યુવાનો તથા તેમની પાછળ અંદાજિત ૪૦ ઉપરાંત ગાડીઓ પસાર થતાં યુવાનોની આગેવાની હેઠળ રઘુવંશી પ્રતિભાઓ ઈતિહાસ રચવા માટે પ્રયાણ કરી રહ્યાં હોય તેવું અદ્‌ભૂત દશ્ય જોવા મળ્યું હતું. આ રેલીનો કાફલો, દયાપર થી રવાના થઈ ઘડુલી ખાતે પહોંચી ઘડુલી લોહાણા મહાજનની મુલાકાત લીધી હતી. જ્યાં ઘડુલી લોહાણા મહાજનના પ્રમુખશ્રી કિશોરભાઈ ઠક્કર તથા શ્રી વિઠ્ઠલદાસભાઈ ઠક્કર દ્વારા પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ સૌ હોદ્દેદારોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું ઘડુલીથી રવાના થઈને રઘુવંશી જયઘોસ સાથે સંપૂર્ણ કાફલો પાન્ધ્રો – વર્માનગર તરફ રવાના થયો હતો. જ્યાં ઢોલ – નગારા – શહેનાઈ સાથે સૌનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પાન્ધ્રો – વર્માનગર લોહાણા મહાજનના પ્રમુખશ્રી રાઘવજીભાઈ ઠક્કર તથા મંત્રીશ્રી દીપકભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈ ઠક્કર વગેરે દ્વારા પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરનું શાલ ઓઢાડીને તથા અન્ય હોદ્દેદારોનું શાબ્દિક સન્માન સહ સ્વાગત કરવામાં આવ્યું હતું. દયાપર, ઘડુલી તેમજ વર્માનગર ખાતે સૌ મહેમાનો માટે અલ્પાહાર, ઠંડાપીણા વગેરેની સુંદર વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતાં જ્ઞાતિજનોને મળતાં રઘુવંશી પરંપરા મુજબનું વાતાવરણ તાદશ્ય થયું હતું. વર્માનગરથી રવાના થઈને રઘુવંશી અશ્વમેઘ યજ્ઞના ધરોહર સમાન લવ અને કુશની જેમ લોહાણા સમાજના યુવાનોની આગેવાની હેઠળ અંદાજિત ૪ કિ.મી. લાંબો બાઈક તથા ગાડીઓનો કાફલો નારાયણ સરોવર પહોંચ્યો હતો. જ્યાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ મંદિર તથા શ્રી દરિયાલાલ દેવ મંદિરે ભવ્ય સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રમુખશ્રી, મહામંત્રીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તેમજ સૌ જ્ઞાતિબંધુઓએ ખૂબ જ ધાર્મિક વાતાવરણમાં તલ્લીન થઈને નાચ–ગાન સાથે આનંદ માણ્યો હતો. ત્યારબાદ ફાળવેલી

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યક્તિગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૨૫૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહિતી ઘેરબેઠા મેળવો.

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

ઉતારા વ્યવસ્થા મુજબ મહેમાનો – રીફ્રેશ થવા માટે પહોંચ્યા હતા અને રાત્રી ભોજન લીધા બાદ સુપ્રસિદ્ધ કલાકાર શ્રી અશોકભાઈ મહારાજનો હાસ્ય દરબાર મોડીરાત્રી સુધી સૌ જ્ઞાતિબંધુઓએ હર્ષોલ્લાસ સાથે માણ્યો હતો.

## કારોબારી સભાનો અહેવાલ

નિર્ધારીત કાર્યસૂચિ મુજબ તા.૨૧.૦૬.૨૦૧૫ને રવિવારના રોજ સવારે સુંદર અલ્પાહારનો લાભ લઈ જ્ઞાતિબંધુઓનો સભાખંડ તરફ પ્રવાહ શરૂ થઈ ગયો હતો. ત્યાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું જે મુજબ મધ્ય વિભાગ (અમદાવાદ, વડોદરા, આણંદ વગેરે)માંથી ૨૨, ઉત્તર વિભાગ (ડીસા, થરા, પાટણ, પાલનપુર વગેરે)માંથી ૧૨, દક્ષિણ વિભાગ (સુરત વગેરે)માંથી ૧૨, સૌરાષ્ટ્ર વિભાગ (રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, વાંકાનેર, મોરબી વગેરે)માંથી ૯ તથા કચ્છ વિભાગમાંથી ૪૨ એમ કુલ ૯૭ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં અને તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

પરંપરા મુજબ શ્રી રામ દરબાર, શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી જલારામ બાપાની મૂર્તિ સાથે રઘુવંશી ધ્વજદંડની સ્થાપના કરવામાં આવી હતી. સવારે ૧૦.૦૦ કલાકે ઋષિકા ભરતભાઈ કતિરા દ્વારા સંગીત – નૃત્ય સાથે ગણેશવંદના પ્રાર્થનાની સુંદર રજૂઆત કર્યા બાદ રઘુવંશી શૌર્યગીત દ્વારા સમગ્ર રઘુવંશી લોહાણા સમાજનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી નારાયણ સરોવર ગાદીનાં ગાદીપતિ પ.પૂ.શ્રી આનંદલાલજી મહારાજના આગમન સાથે દીપપ્રાગટ્ય દ્વારા કારોબારી સભાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રીશ્રીઓ શ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ' તથા શ્રી મુકેશભાઈ ઠક્કર, વિભાગીય ઉપપ્રમુખશ્રી વસંતભાઈ કોડરાણી તથા શ્રીમતી નીમાબહેન આચાર્ય, આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડૉ. માનસેતા સાહેબ, વાત્સલ્ય સમિતિના અધ્યક્ષશ્રી જીતુભાઈ પૂજારા, રમત ગમત સમિતિના અધ્યક્ષશ્રી અશોકભાઈ ગઢીયા, પ્રવાસ સમિતિના અધ્યક્ષશ્રી નિતીનભાઈ ઠક્કર, શ્રીમતી રીટાબહેન ઉમંગભાઈ ઠક્કર, શ્રીમતી હંસાબહેન મુકેશભાઈ ઠક્કર, ઝોન કો.ઓર્ડિનેટરશ્રી દયારામભાઈ ઠક્કર, ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગરના ડીરેક્ટરશ્રી અચરતભાઈ ઠક્કર, નારાયણ સરોવર લોહાણા મહાજનના પ્રમુખશ્રી અમૃતલાલ ઠક્કર, મંત્રીશ્રી ભરતભાઈ કતીરા, કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલયના ટ્રસ્ટી – પ્રમુખ શ્રીમતી પ્રભાબહેન પોપટ, પેટ્રન ટ્રસ્ટીશ્રી જમનાદાસભાઈ ઠક્કર, ઉપપ્રમુખશ્રી જમનાદાસભાઈ ડોસાભાઈ ગણાત્રા તથા શ્રી શશીકાંતભાઈ રૂપારેલ વગેરે જોડાયાં હતાં.

પંચમ કારોબારી સભા માટે જેમનો સંપૂર્ણ આર્થિક સહયોગ સાંપડ્યો હતો તેવા શ્રી વસંતભાઈ કોડરાણી, કે જેઓ અખિલ ગુજરાત લોહાણા સમાજના કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખ તેમજ ટ્રસ્ટી છે, તેઓએ સૌને હૃદયપૂર્વક આવકાર્યા હતા. તેમજ આટલીમોટી સંખ્યામાં સમગ્ર ગુજરાતમાંથી પધારેલા તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શ્રી શશીકાંતભાઈ ઠક્કર (સીટુભાઈ)નો વિશેષ આભાર માન્યો હતો. આપણા સમાજના સંગઠનને મજબૂત બનાવવાના ધ્યેય સાથે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા આમંત્રિત મહેમાનોને કુદરતી વાતાવરણને કારણે પડેલી મુશ્કેલી બદલ ક્ષમા માંગી હતી. તેમજ પંચમ કારોબારી સભા કચ્છ વિભાગને ફાળવવાના પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર કરી અમને તક આપવા બદલ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તથા તેમની સમગ્ર ટીમ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી વસંતભાઈએ

જણાવ્યું હતું કે, પ.પૂ.શ્રી મધુસુદન મહારાજની ઈચ્છા અને આશીર્વાદ થકી નારાયણ સરોવર ખાતે સંસ્કારધામ – સંસ્કૃત પાઠશાળાનું કામકાજ નિર્માણાધીન છે. જેમાં યથાશક્તિ યોગદાન આપવા અપીલ કરી હતી. આ સાથે શ્રી વસંતભાઈ કોડરાણી દ્વારા નારાયણ સરોવર (કચ્છ)નું ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વનો પરિચય આપતા નારાયણ સરોવર ખાતે શ્રદ્ધા સાથે કરવામાં આવતાં સર્વે પિતૃ શ્રાદ્ધનું મહત્ત્વ સમજાવ્યું હતું તેમજ લક્ષ્મીનારાયણ દેવ મંદિર, મહાપ્રભુજીની બેઠક, દરિયાલાલ દેવ મંદિર, તેમજ નજીકમાં જ દરિયા કિનારે બિરાજેલા કોટેશ્વર મહાદેવના ધાર્મિક મહત્ત્વ અંગે સૌને વાકેફ કર્યા હતાં.

ત્યારબાદ નારાયણ સરોવર ગાદીના ગાદીપતિ શ્રી આનંદલાલજી મહારાજ દ્વારા આનંદની લાગણી વ્યક્ત કરતાં નારાયણ સરોવર ખાતે પધારેલા રઘુવંશી સમાજના આગેવાનોને હૃદયપૂર્વક આવકાર્યાં હતાં. તેમજ સમાજ સેવાના તમામ સંકલ્પો પૂર્ણ થાય તેવા આશીર્વાદ પાઠવ્યાં હતાં અને લોહાણા સમાજના અગ્રણી શ્રી હંસરાજભાઈને યાદ કરતાં તેમના દ્વારા સ્થાપિત વાલરામ આશ્રયસ્થાનની સ્થાપના અંગેના ઈતિહાસને તાદ્દશ કર્યો હતો. ગુરૂજી બ્રહ્મલીન સંતશ્રી મધુસુદન લાલજી મહારાજના તપોબળથી પુન:વિકાસ દ્વારા સેવાની પ્રગટાવેલી જ્યોતને અખંડ રાખવા સેવાકીય પ્રવૃત્તિઓ રૂપી ઘી પૂરીને આ જ્યોતને પ્રજ્વલિત રાખવા હંમેશા પ્રયત્નશીલ રહેવાની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ નારાયણ સરોવરના વિકાસ માટે જહેમત ઉઠાવી રહેલા મુંબઈ નિવાસી શ્રી કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલયના ટ્રસ્ટી – પ્રમુખ શ્રીમતી પ્રભાબહેન પોપટની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયા દ્વારા દિવંગત સંતશ્રી હરિરામ બાપા તથા રાપરના કન્યા કેળવણી માટે જીવન સમર્પિત કરનાર જ્ઞાતિ સેવક શ્રી રતનશીબાપા ચંદે તેમજ અન્ય સ્વર્ગસ્થ જ્ઞાતિબંધુઓને શોકાંજલી અર્પણ કરી સૌ સ્વર્ગસ્થના આત્માઓની શાંતી માટે પ્રાર્થના કરી સૌએ એક મિનિટ માટે મૌન ધારણ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

ત્યારબાદ અનિવાર્ય કારણોસર સભામાં ઉપસ્થિત ન રહી શક્યા હોય તેવા જ્ઞાતિશ્રેષ્ઠીઓને પાઠવેલ શુભેચ્છા સંદેશની માહિતી પ્રકાશન સમિતિના પ્રમુખશ્રી શંકરભાઈ કતિરાએ આપી હતી. જેમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનના પ્રમુખશ્રી યોગેશભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી પરેશભાઈ ભૂપતાણી, આગામી પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી પ્રવિણભાઈ ડી. ઠક્કર (પ્રવિણબાપા – અમદાવાદ), શ્રી મહેન્દ્રભાઈ મશરૂ, શ્રી ગિરિશભાઈ કોટેચા (જૂનાગઢ), શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી દિવ્યેશભાઈ રાજદેવ, શ્રી કિરીટભાઈ ગંગદેવ, શ્રી જનકભાઈ કોટક (રાજકોટ), શ્રી કિશોરભાઈ ભજીયાવાલા, શ્રી જિગ્નેશભાઈ ભજીયાવાલા, શ્રી શૈલેષભાઈ સોનપાલ (સુરત), શ્રી દિનેશભાઈ જોબનપુત્રા (ગાંધીધામ), શ્રી નરેશભાઈ પૂજારા (અંકલેશ્વર), શ્રી કનુભાઈ આચાર્ય (ડીસા), શ્રી રમેશભાઈ તન્ના (અમદાવાદ), શ્રી રમણભાઈ ફુલચંદભાઈ ઠક્કર (દેશી લોહાણા વિદ્યાર્થી ભવન – અમદાવાદ), શ્રી મગનભાઈ રૂપાવેલ, શ્રી મહેશભાઈ નાગ્રેચા (વડોદરા), શ્રી હસમુખભાઈ કારીયા, પ્રોફે. ચંદ્રકાંતભાઈ તન્ના, શ્રી અતુલભાઈ પાવાગઢી, શ્રી ધીરેન્દ્રભાઈ ઠક્કર (આણંદ) વગેરેએ કારોબારી સભાની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્રિવેણી સંગમ સમાન પવિત્ર યોગ એટલે કે અધિક માસ, નારાયણ સરોવર તીર્થધામ અને પ્રથમ વિશ્વ યોગ દિવસનો ઉલ્લેખ કરતાં અખિલ ગુજરાત લોહાણા સમાજના મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર દ્વારા અત્યાર સુધી થઈ ગયેલા

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

વિવિધ રચનાત્મક કાર્યો જેવા કે, યુવા વ્યક્તિત્વ શિબિર, ચિંતન શિબિર, અંજળ અને અવસર (મુંબઈ)ના સહયોગથી સમી ખાતે આયોજિત અપરીણિત યુવક – યુવતીઓ માટે માર્ગદર્શન શિબિર, સાજન – સજની વગેરે કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે, સમાજ સેવાને સમર્પિત હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દૂર દૂરથી પધાર્યા છે, ત્યારે કચ્છ વિભાગમાં પ્રવેશતાં જ તમામ સ્થળોએ મળેલા પ્રેમ અને લાગણી માટે આભાર વ્યક્ત કર્યો હતો અને શ્રી રવજીભાઈ કોટક, શ્રી દયારામભાઈ કોટક તથા શ્રી સુભાષભાઈ કોટક એમ ત્રણ પેઢી અખિલ ગુજરાત લોહાણા સમાજ સાથે સંકળાયેલા છે તે અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી મુકેશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, ઈતિહાસ કહે છે વીરદાદા જશરાજના સમયમાં અંદાજિત ૫૦ લાખ લોહાણાઓ હતા પરંતુ સમયાંતરે વિવિધ સ્થળોએ સ્થળાંતર કરતા અટક મુજબ લોહાણાઓ વિભાજિત થઈ ગયા છે. અખિલ ગુજરાત લોહાણા સમાજના માધ્યમથી સૌને એક માળા સ્વરૂપે સંગઠીત કરવાનો આપણો ધ્યેય છે અને આ માળાના મેરૂ સમાન આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદને આપણે હંમેશા આંખે – માથે ચઢાવીને સન્માનિત કરી તેના કાર્યમાં સહયોગી બનીએ અને સમાજને વિકાસ તરફ આગળ વધારીએ. અખિલ ગુજરાત લોહાણા સમાજની હાલની ટીમનો એક ધ્યેય હતો કે, વર્ષમાં બે વખત મળનારી કારોબારી સભાનું ગુજરાતના અલગ અલગ વિભાગોમાં આયોજન થાય, જે આજે સૌના સાથ – સહકાર અને ઉત્સાહથી પરીપૂર્ણ થયેલ છે. અખિલ ગુજરાત લોહાણા સમાજની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે રઘુવંશીઓનું આરોગ્ય તથા શિક્ષણ કેન્દ્ર સ્થાને છે. જેના માટે ઉચ્ચ શિક્ષણનિધિ તથા વિદ્યાર્થી દત્તક યોજના ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવનાર છે. તેમજ ડૉ. નંદલાલ માનસેતા સાહેબના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ મેડિકલ ડિરેક્ટરીનું પ્રકાશન કરી જ્ઞાતિબંધુઓને બિમારીના સમયમાં યોગ્ય સારવાર યોગ્ય ખર્ચમાં થઈ શકે તે માટે કાર્યાલય ઉપર આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. અમદાવાદની સુપ્રસિદ્ધ સીમ્સ હોસ્પિટલના સહયોગથી ગુજરાતમાં તમામ ગામ / શહેરમાં નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન તેમજ સીમ્સ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થતાં જ્ઞાતિબંધુઓને બિલમાં નિયમોને આધિન યથાયોગ્ય રાહત મળે તેવું આયોજન ગોઠવવામાં આવ્યું છે. તા.૨૪.૦૫.૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે 'વસુદેવમ્ કુટુંમકમ્'ની ભાવનાને જાગૃત કરવાના ધ્યેય સાથે સાજન – સાજની કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે ચિંતિત હોદ્દેદારો તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓની ચિંતન બેઠકનું પણ દર બે મહિને પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરની કોર્પોરેટ ઓફિસ ખાતે આયોજન કરવામાં આવે છે. આપણાં સમાજના સંગઠનને મજબૂત બનાવવા માટે આપણા વસ્તી ગણતરી અભિયાનને આપ સૌનો સાથ સહકાર મળે તે ખૂબ જ જરૂરી છે. તેમણે ઉદાહરણ સાથે જણાવ્યું કે અમૂક સમયે સૂર્ય ન કરી તે કામ દીપક (દીવો) કરી શકે છે. તો આપણે સૌએ એ દીપક બનીને આપણા સમાજને પ્રકાશિત કરતા રહેવાનું કામ કરવાનું છે. વૈજ્ઞાનિક અભિગમ સાથે આપણે આપણા સમાજને વિકાસ તરફ દોરી જવા સૌને આહ્વાન કર્યું હતું. અંતમાં સુંદર વાક્ય 'है जिंदगी तो अपने है'ને બંને બાજુથી વાંચતા એક–બીજા પ્રત્યેની અનન્ય લાગણી અને માન સન્માનનો ગુઢાર્થ સમજાવતા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો... ત્યારબાદ ચતુર્થ કારોબારી સભાની મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું. જેમાં રજિસ્ટ્રેશન તથા અલ્પાહાર, હોદ્દેદારો તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓ દ્વારા દીપ પ્રાગટ્ય, પ્રાર્થના તથા શૌર્યગીત, દિવંગત જ્ઞાતિબંધુઓને શ્રદ્ધાંજલી, શુભેચ્છા સંદેશનું વાંચન, શ્રી કિરીટભાઈ ગંગદેવ દ્વારા સ્વાગત પ્રવચન, શ્રી મિતલભાઈ ખેતાણી દ્વારા યજમાન સંસ્થાનો પરિચય આપવામાં આવ્યો હતો. શ્રી કનુભાઈ આચાર્ય દ્વારા સૌરાષ્ટ્રનું

વિહંગાવલોકન રજૂ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ત્રિમાસિક મુખપત્ર ‘લોહાણા વિઝન એન્ડ મિશન’ અંક – ૮ તેમજ પ્રોફાઈલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર દ્વારા થઈ ગયેલા કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’ દ્વારા આગામી સમયમાં આયોજિત થનાર કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા યુવા સમિતિના હોદ્દેદારોને શપથવિધિ સંપન્ન કરવામાં આવી હતી. મહિલા ઍવોર્ડ વિજેતા ચાર્મી પોબારૂ તથા વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા આશ્રી રાજાણીએ તેમના પ્રતિભાવ રજૂ કર્યાં હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ – પ્રસિદ્ધિ મેળવેલા જ્ઞાતિબંધુઓને જ્ઞાતિરત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અખિલ ગુજરાત લોહાણા સમાજના હોદ્દેદારો દ્વારા યજમાન સંસ્થા અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના – રાજકોટ હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈ ડી. ઠક્કર, શ્રી નરેન્દ્રભાઈ ઠક્કર (ભૂજ), શ્રી ઉમેશભાઈ નંદાણી (પરીન ફર્નિચર – રાજકોટ), શ્રીમતી ચેતનાબહેન મીસરાણી (જૂનાગઢ) વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. પૂર્વ મેયર શ્રી જનકભાઈ કોટક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન સાથે સભા સમાપ્તિ... જેને સમગ્ર સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી.

મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’એ આગવી શૈલીમાં જણાવ્યું કે કચ્છ એવો કુદરતી સૌંદર્યનો ભંડાર છે કે, જ્યાં સરોવર, નદી, દરિયો, રણ, ડુંગર બધુ જોવા મળે અને આવાં ઐતિહાસિક સ્થળે નસીબદાર હોય તે જ હાજર રહી શકે છે એટલે કે, આપણે સૌ ખૂબ જ નસીબદાર છીએ કે આપણા ગૌરવવંતા સમાજને વિકાસ તરફ દોરી જવાના ધ્યેય સાથે અત્રે એકત્રિત થયા છીએ... આગામી આયોજનોની રૂપરેખા આપતાં તેમણે જણાવ્યું કે, સમગ્ર ગુજરાતના લોહાણા મહાજનો, યુવક મંડળો જેવી તમામ સંસ્થાઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીઓનો એક વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે, સરકારી તથા અર્ધસરકારી કચેરીઓમાં ઉચ્ચ હોદ્દા ઉપર કાર્યરત જ્ઞાતિબંધુઓનું વિશિષ્ટ સન્માન કરવાનું આયોજન છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ તેમજ આરોગ્યના ક્ષેત્રમાં પણ ઘણું મનોમંથન કરી સહાયરૂપ થવાનો ધ્યેય છે... ત્યારબાદ વિરમગામથી પધારેલા શ્રી પ્રભુભાઈ વાડીભાઈ ઠક્કરના પ્રસ્તાવને સ્વીકારીને આગામી છઠ્ઠી કારોબારી સભાનું આયોજન વિરમગામ લોહાણા મહાજનના યજમાન પદે કરવાની જાહેરાત કરી હતી તેમજ ત્યારબાદની કારોબારી સભાઓ અમરેલી, સાવરકુંડલા, વાપી, વલસાડ એમ વિવિધ સ્થળોએ આયોજિત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું, અને હાલની ટીમનો કાર્યકાળ ૨૦૧૬માં પૂરો થશે ત્યારે મધ્યસ્થી કારોબારી સભા અમદાવાદ ખાતે યોજાશે તેમ જણાવ્યું હતું, આ ઉપરાંત અખિલ ગુજરાત લોહાણા સમાજના મુખપત્ર ‘લોહાણા વિઝન એન્ડ મિશન’ના વધારેમાં વધારે સભ્યો બને તેમજ આપણું વસ્તી ગણતરીનું મહાઅભિયાન ચાલી રહ્યું છે તે અંગેની કચ્છ જિલ્લાની જવાબદારી લખપત તાલુકા રઘુવીર સેનાના પ્રમુખશ્રી દીપકભાઈ રેલોન દ્વારા સ્વીકારવામાં આવી છે, તો સૌ તેમને સાથ સહકાર આપશો તેમ જણાવ્યું હતું... શ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’એ સૌને વિનંતી સહ અપીલ કરી હતી કે, વહીવટી કાર્ય માટે આર્થિક સહયોગ જરૂરી છે, તો જ્ઞાતિશ્રેષ્ઠીઓએ આ બાબતમાં જરૂરથી વિચાર કરવો. આ ઉપરાંત શ્રી વિનોદભાઈ ગોકલાણીના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાયરૂપ થવા ફંડ એકત્રિત કરવાનું પણ નક્કી કરેલ છે તો જરૂરથી સહાયરૂપ થવા અપીલ કરી હતી. મહિલા શક્તિ શ્રીમતી નીમાબહેન આચાર્ય, શ્રીમતી

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197



પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

જયાબહેન ઠક્કર, શ્રીમતી પ્રભાબહેન પોપટ વગેરેની સમાજ સેવાની ભાવનાને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યાં હતા અને અંતમાં આગામી ૫ જુલાઈ ૨૦૧૫ના રોજ આયોજિત માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આગામી પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકના પદગ્રહણ અને સત્કાર સમારંભમાં પધારવા સૌને આમંત્રણ પાઠવ્યું હતું.

ત્યારબાદ શ્રી કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલયના પ્રમુખ શ્રીમતી પ્રભાબહેન પોપટ કે જેઓ યજમાન સંસ્થાના પ્રમુખ તરીકે કારોબારી સભામાં હાજરી આપવા ખાસ મુંબઈથી પધાર્યાં હતાં. તેમણે સૌ હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓને હૃદયપૂર્વક આવકાર્યાં હતાં. તેમજ સૌને આમંત્રિત કરવા બદલ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરનો પણ ખૂબ ખૂબ આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે, આપણો રઘુવંશી સમાજ ખૂબ જ આગળ વધ્યો છે, તેના આનંદ સાથે ખૂબ જ ગૌરવનો અનુભવ થાય છે. પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરની કાર્ય પદ્ધતિની પ્રશંસા કરતાં શ્રીમતી પ્રભાબહેને જણાવ્યું કે, આવાં 'લોહપુરૂષ' જ સમાજનાં ઉત્કર્ષ માટેનું ભગીરથ કાર્ય કરી શકે અને ગૌરવ સાથે કહી શકાય કે શ્રી ઉમંગભાઈ તથા તેમની સમગ્ર ટીમ સમાજનાં સંગઠનનાં ભગીરથ કાર્યને ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. શ્રીમતી પ્રભાબહેને ગુજરાતી લોહાણાની પ્રતિબદ્ધતા વિષે વાત કરતાં જણાવ્યું કે, ચાર ધામની યાત્રા કર્યાં પછી પણ જ્યાં સુધી નારાયણ સરોવરમાં સ્નાન ન કર્યું હોય ત્યાં સુધી તે અધૂરી ગણાય તેવા પવિત્ર સ્થળે આપણાં રઘુવંશી શ્રી વાલરામબાપા દ્વારા અન્નક્ષેત્ર અને ભોજનાલયની સ્થાપના ૧૯૬૮માં કરવામાં આવી હતી. આ ઉપરાંત ગૌશાળા તથા પાંજરાપોળની સેવાઓ દ્વારા અન્નક્ષેત્રએ સમગ્ર ગામને આવરી લીધું છે. શ્રી વસંતભાઈ કોડરાણીનો આભાર વ્યક્ત કરતાં શ્રીમતી પ્રભાબહેને જણાવ્યું કે, તેમના કારણે જ સમગ્ર ગુજરાતનો સમાજ અત્રે એકત્રિત થયો છે અને સૌને જ્ઞાતિગંગાના દર્શનનો લાભ મળ્યો છે.. અંતમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના કાર્યક્રમનું મુંબઈ ખાતે આયોજન કરવા તથા સૌને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

અખિલ ગુજરાત લોહાણા સમાજના કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખશ્રી તથા ભૂજના ધારાસભ્ય શ્રીમતી નીમાબહેન આચાર્યએ ઉપસ્થિત સૌ જ્ઞાતિબંધુઓને મુશ્કેલીઓનો સામનો કરીને સૌ કચ્છ પધાર્યા તે બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. આપણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાયરૂપ થવાની યોજનાને પ્રોત્સાહક ગણાવી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ જી.પી.એસ.ની પરીક્ષા માટે પણ આપણા સમાજના યુવાનોને તૈયાર કરવા અપીલ કરી હતી અને આવી ઉચ્ચ કક્ષાની પરીક્ષાઓ માટે ગાંધીનગર ખાતે જરૂરી સુવિધાઓ જેવી કે, છાત્રાલય વગેરેની વ્યવસ્થાઓ ઊભી કરવા જણાવ્યું હતું, તેમજ ઉચ્ચ અભ્યાસ માટે પણ છાત્રાલયોની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે ઉપસ્થિત મહાજનોને ખાસ વિનંતી કરી હતી કે, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડવા જે સરસ્વતી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવે છે. તે ફક્ત ધો.૧૦ પછીના વિદ્યાર્થીઓ માટે જ કરવું જોઈએ. સમાજની જે મિલકતો, વાડીઓ ખંડેર હાલમાં પડી રહી છે, તેનો પગારદાર સ્ટાફ રાખીને પણ ટ્યૂશન કલાસ માટે સદ્ઉપયોગ કરવો જોઈએ તેમજ ધો.૧૦ થી ૧૨ માટે વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા ખાસ ટ્યૂશનની વ્યવસ્થા કરવી જોઈએ. આ ઉપરાંત આરોગ્ય ક્ષેત્રે પણે સારવાર માટે જેનરીક મેડીસીન્સનો ઉપયોગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જેથી દર્દીના પરિવારને આર્થીક બોજો ઓછો પડે. આ ઉપરાંત જ્ઞાતિબંધુઓ માટે તપાસ કેમ્પ નહીં પણ એક્ષક્લુઝીવ નિદાન કેમ્પ જેવાં કે, કેન્સર ડીટેક્શન કેમ્પ, હાર્ટ કેમ્પ વગેરેનું નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા આયોજન કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

વિવિધ સરકારી યોજનાઓનો પણ જ્ઞાતિબંધુઓને લાભ મળી રહે તે માટે સંકલન કરી સૌને માહિતગાર કરવા જણાવ્યું હતું. અભ્યાસ અર્થે ગાંધીધામ આવતી સમાજની દીકરીઓ માટે રહેવા – જમવાની તમામ સુવિધા માટે મદદરૂપ થવા તેઓએ જણાવ્યું હતું. અંતમાં આપણે સૌ જ્ઞાતિબંધુઓ લોહપુરૂષ સમાન છીએ અને સૌએ સાથે મળીને સંગઠન મજબૂત બનાવી આપણા સમાજના ઉત્કર્ષ માટે જાગૃત થવા સૌને અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ અખિલ ગુજરાત લોહાણા સમાજની યુવા સમિતિના મહામંત્રીશ્રી સુમિતભાઈ ઠક્કર દ્વારા સમગ્ર ગુજરાતના વિવિધ વિભાગોમાં યુવા સમિતિ દ્વારા થઈ રહેલા કાર્યક્રમોની માહિતી આપી હતી. અને મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કરના માર્ગદર્શન તથા મુખ્ય સ્વપ્ન સમાન દરેક શહેરમાં યુવા બ્રિગેડની રચના કરી સમાજ સેવામાં જોડાવા અને આધુનિક ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા સમાજને સંગઠીત કરવા અને જ્ઞાતિ વિકાસમાં કાર્યરત થવા જણાવ્યું હતું તેમજ પર્યાવરણના જતન માટે દરેક ગામ શહેરોના યુવાનો દ્વારા વૃક્ષારોપણના આયોજન કરવા અપીલ કરી હતી. ત્યારબાદ કચ્છ વિભાગની યુવા ટીમને મંચ ઉપર આમંત્રિત કરી સમાજ સેવા માટે સમર્પિત થવા પ્રતિજ્ઞાબદ્ધ કર્યા હતાં. અને દરેક યુવા સભ્યને પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રીશ્રીઓ ભગવાનભાઈ ઠક્કર 'બંધુ' તથા શ્રી મુકેશભાઈ ઠક્કર તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા ખેસ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડૉ. નંદલાલ માનસેતા સાહેબે યુવાનોને તમાકુ – ગુટકાથી દૂર રહેવા સંકલ્પ કરવા જણાવ્યું હતું. તેમજ કોઈ બહેન – દીકરીને પણ કેન્સર ન થાય તે માટે જાગૃત રહેવા જણાવ્યું હતું. આ ઉપરાંત દરેક યુવક – યુવતીઓએ સગપણ પહેલાં ફરજિયાત થેલેસેમિયા પરીક્ષણ કરાવવા અનુરોધ કર્યો હતો, જેથી થેલેસેમિયા ગ્રસ્ત બાળક ન જન્મે તે માટે તકેદારી રાખવા સૂચન કર્યું હતું. આપણા સમાજમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે લોહીની જરૂરીયાત રહે છે, તેથી દરેક જ્ઞાતિબંધુઓએ વર્ષમાં ઓછામાં ઓછી એક વખત રક્તદાન કરવા અનુરોધ કર્યો હતો. ડૉ. નંદલાલ માનસેતા સાહેબના પથદર્શક માર્ગદર્શન અને ટ્રસ્ટી પદ હેઠળ ટીંબી તથા સાવરકુંડલા ખાતે આરોગ્યલક્ષી સેવાઓ આપી રહેલ અદ્યતન હોસ્પિટલની માહિતી આપી હતી. જ્યાં સારવાર બિલકુલ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. અંતમાં ડૉ. નંદલાલ માનસેતા સાહેબે ખેદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ગામમાં એક લોહાણો સમગ્ર ગામને કંટ્રોલ કરી શકે છે, પણ જ્યારે લોહાણાઓ ભેગા થાય છે, ત્યારે તેમને કંટ્રોલ કરવા મુશ્કેલ બની જાય છે. તેથી સૌને સંગઠીત થઈને આપણા સમાજના ઉત્કર્ષ માટે જોડાઈ જવા જણાવ્યું હતું અને શ્રી ઉમંગભાઈ ઠક્કર જેવા સમાજ સેવાને સમર્પિત, દીર્ઘદૃષ્ટિવાળા કટીબદ્ધ પ્રમુખ તેમજ સંકલન માટે સતત સક્રિય મહામંત્રીશ્રીઓ ભગવાનભાઈ ઠક્કર 'બંધુ' તથા શ્રી મુકેશભાઈ ઠક્કર મળ્યા છે, ત્યારે સમાજે તેમનો જરૂરથી લાભ લેવો જોઈએ. વિશેષમાં તેમણે જણાવ્યું કે, નારાયણ સરોવર તીર્થ સ્થાન છે, જે માંગો તે મળશે...

ત્યારબાદ પંચમ કારોબારી સભાનું યજમાન પદ સહર્ષ સ્વીકારી યાદગાર બનાવનાર યજમાન સંસ્થાઓ નારાયણ સરોવર લોહાણા મહાજનના પ્રમુખશ્રી અમૃતલાલ સુંદરજીભાઈ ઠક્કર, મંત્રીશ્રી ભરતભાઈ જમનાદાસભાઈ કતીરા, કારોબારી સભ્યશ્રીઓ શ્રી પ્રફુલભાઈ અનમ, શ્રી અશ્વિનભાઈ ઠક્કર, શ્રી જિતેન્દ્રભાઈ કેસરીયા, શ્રી કનૈયાલાલ કમાણી તથા શ્રી લક્ષ્મણભાઈ ઠક્કર વગેરેને મંચ ઉપર આમંત્રિત કરી ઍવોર્ડ તથા ખેસ અર્પણ કરી સૌને સન્માનિત કરવામાં આવ્યું હતું. તેજ રીતે અન્ય યજમાન સંસ્થા શ્રી કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલયના ટ્રસ્ટી –

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

પ્રમુખ શ્રીમતી પ્રભાબહેન પોપટ, પેટ્રન ટ્રસ્ટીશ્રી જમનાદાસભાઈ કાનજીભાઈ ઠક્કર, ઉપપ્રમુખશ્રી જમનાદાસભાઈ ડોસાભાઈ ગણાત્રા તથા શ્રી શશીકાંતભાઈ રૂપારેલ (ભૂજ), ટ્રસ્ટીશ્રીઓ શ્રી ઝવેરીલાલભાઈ ઠક્કર (દયાપર), શ્રી ખીમજીભાઈ ઠક્કર (ભૂજ), શ્રી ગોવિંદજીભાઈ કોઠારી (ભૂજ), વગેરેને મંચ ઉપર આમંત્રિત કરી ઍવોર્ડ તથા ખેસ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ અખિલ ગુજરાત લોહાણા સમાજના કચ્છ વિભાગના હોદ્દેદારશ્રીઓ કે જેમણે આપણા રઘુવંશી સમાજના ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ રહીને સંગઠનને મજબૂત બનાવ્યું છે તેવા શ્રીમતી નીમાબહેન આચાર્ય (વિભાગીય ઉપપ્રમુખ), શ્રી વસંતભાઈ કોડરાણી (વિભાગીય ઉપપ્રમુખ), શ્રી હરીશભાઈ ગણાત્રા (ઝોન કો.ઓર્ડિનેટર), શ્રી નરેન્દ્રભાઈ ઠક્કર (સંગઠન મંત્રી) તથા શ્રી મોહનલાલ ધારશીભાઈ ઠક્કર (પ્રમુખશ્રી, રોજગાર સમિતિ)નું ઍવોર્ડ અર્પણ કરી તથા ખેસ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

કચ્છ વિભાગમાં આપણા સમાજની યુવા પ્રતિભાઓ દ્વારા જેમણે વિશિષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેવા શ્રી સાગરભાઈ ઠક્કર (ભૂજ – સભ્યશ્રી, બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા), કુ. વિધિ ઠક્કર (મુદ્રા – પાઈલોટ), શ્રી જય ઠક્કર (નખત્રાણા – પાઈલોટ)નું પણ પરિવાર સાથે ઍવોર્ડ અર્પણ કરી તથા ખેસ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પંચમ કારોબારી સભાના સ્વપ્નદૃષ્ટા તેમજ જેમનો સંપૂર્ણ આર્થિક સહયોગ મળ્યો છે, તેવા અખિલ ગુજરાત લોહાણા સમાજના કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખશ્રી વસંતભાઈ કોડરાણીનું સન્માનપત્ર અર્પણ કરી, ખેસ ઓઢાડી, સાફો પહેરાવી ઢોલ શહેનાઈના ગુંજન સાથે ભવ્યાતિભવ્ય સન્માન અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તથા તમામ હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને યાદગાર બનાવવા શ્રી વસંતભાઈ કોડરાણીના ધર્મપત્ની શ્રીમતી ફાલ્ગુનીબહેન, સુપુત્રી ચિ. કૃપાબહેન, સુપુત્ર ચિ. આકાશ તથા ભત્રીજા શ્રી રાજનભાઈ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

અખિલ ગુજરાત લોહાણા સમાજના તત્કાલીન પૂર્વ પ્રમુખશ્રી ઠાકોરભાઈ ઠક્કરે ખૂબ જ આનંદની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, ૨૦૧૨ થી ૨૦૧૬ની હાલની ટીમ દ્વારા જે વિકાસમાં કામ થઈ રહ્યા છે તેનાથી અમને સૌ પૂર્વ પ્રમુખશ્રીઓને સંતોષની લાગણીનો અનુભવ થાય છે તેમજ વધારેમાં વધારે સારા કામ થતાં રહે તે માટે અમારા સૌના હૃદયપૂર્વકના આશીર્વાદ છે.

માધાપરના અખિલ ગુજરાત લોહાણા સમાજના પાયાના કાર્યકર્તા શ્રી શશીકાંતભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, ૧૯૮૬માં અખિલ ગુજરાત લોહાણા સમાજની સ્થાપના થઈ ત્યારથી હાલમાં થઈ રહેલી પ્રગતિથી ખૂબ જ આનંદનો અનુભવ થાય છે અને આ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરી શક્યા તેવું ગૌરવ પણ થાય છે.

ભૂજ લોહાણા મહાજનનાં પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ ઠક્કર દ્વારા સમાજ ખૂબ પ્રગતિ કરતો રહે તેવી પ્રાર્થના સહ શુભેચ્છા વ્યક્ત કરી હતી. મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર ‘બંધુ’ દ્વારા વિશેષ માહિતી આપતાં જણાવવામાં આવ્યું કે, નખત્રાણા ખાતે આપણા શ્રી ગોવિંદભાઈ પલાણ પરિવારના સહયોગથી શનિદેવનું ભવ્ય મંદિર આકાર લઈ રહ્યું છે, જેનો પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ તા.૨૨.૦૬.૨૦૧૫ને સોમવારના રોજ છે તો અવશ્ય બધા જ્ઞાતિબંધુઓએ લાભ લેવો. અખિલ

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

ગુજરાત લોહાણા સમાજના કાર્યાલય ખાતે દર શનિવારે સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ અવિવાહીત યુવક – યુવતીઓ માટે માર્ગદર્શન સેવા ઉપલબ્ધ છે, જેના કન્વીનરશ્રી સુભાષભાઈ ઘેલાણીનો પરીચય કરાવતાં સૌને લાભ લેવા જણાવ્યું હતું. આ ઉપરાંત સુરતનાં શ્રી દયારામભાઈ કોટક પરિવાર દ્વારા વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક ચોપડાનું વિતરણ થાય છે, તો તેનો પણ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

વિરમગામ લોહાણા મહાજનના યજમાન પદે છઠ્ઠી કારોબારી સભા શ્રી ભાણ સાહેબ બાપુની જગ્યા – કમીજલા ખાતે આયોજિત કરવા વિરમગામ લોહાણા મહાજનના પ્રમુખશ્રી પ્રભુભાઈ વાડીભાઈએ સૌને આમંત્રિત કર્યા હતા.

આવાં સુંદર ઐતિહાસિક તેમજ ધાર્મિક મહત્ત્વ ધરાવતાં પવિત્ર સ્થળે પંચમ કારોબારી સભાનું આયોજન કરી સુંદર વ્યવસ્થા કરવા બદલ અખિલ ગુજરાત લોહાણા સમાજ વતી શ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'એ શ્રી વસંતભાઈ કોડરાણી, શ્રીમતી પ્રભાબહેન પોપટ તેમજ તેમની સમગ્ર ટીમ પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી અને સૌને વિનંતી કરી હતી કે, શ્રી વસંતભાઈ કોડરાણી તથા શ્રીમતી પ્રભાબહેન પોપટને વ્યક્તિગત મળીને જરૂરથી અભિનંદન પાઠવશો.

પંચમ કારોબારી સભાના અધ્યક્ષ તેમજ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે પ્રમુખસ્થાનેથી ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, કચ્છ વિભાગમાં પ્રવેશ કર્યો ત્યારથી નારાયણ સરોવર સુધી માધાપર, ભૂજ, નખત્રાણા, દયાપર, ઘડુલી, વર્માનગર વગેરે સ્થળોએ જે સ્વાગત તથા સન્માનનો અનુભવન થયો તે ખરેખર અવર્ણનીય છે. મને રઘુવંશી સમાજમાં જન્મ મળ્યો છે, તથા સમાજની સેવા કરવાની આપ સૌએ મને તક આપી છે તે બદલ ખૂબ જ ગૌરવની લાગણી અનુભવ છું. અત્યાર સુધી અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા જે રચનાત્મક પ્રવૃત્તિઓ થઈ છે, તેની પ્રોફાઈલ 'આધુનિકતા સાથે ઐક્ય – નવી દિશા નવું વિઝન' આપ સૌને મળી ગઈ હશે. આ પ્રોફાઈલ જોયા પછી સમાજ માટે હજી વધારે શું સારી સેવા થઈ શકે તે બાબત માર્ગદર્શન – સૂચન કરવા જણાવ્યું હતું અને પ્રશંસક નહીં પણ પથદર્શક બનવા વિનંતી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે દરેક ગામ – શહેરોમાં સ્થાનિક કક્ષાએ જે કાર્યક્રમો થઈ રહ્યાં છે તે પ્રશંસાને પાત્ર છે. પણ સાથે સાથે કોઈ વિશિષ્ટ રચનાત્મક કાર્યક્રમ થાય તે માટે ખાસ પ્રયત્નશીલ રહેવું જોઈએ. લખપત તાલુકા રઘુવીર સેનાના પ્રમુખશ્રી દીપકભાઈ રેલોન (દયાપર)ને ખાસ અભિનંદન પાઠવતાં પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે સંતોષ વ્યક્ત કર્યો હતો કે જે રીતે બાઈક રેલીનું ભવ્ય આયોજન કરી યુવાનોએ આગેવાની લીધી તે ખરેખર અભિનંદનીય છે અને આવનારી પેઢી સમાજનું સુકાન સંભાળે તે ખૂબ જ જરૂરી છે. લોહાણા મહાજન – ભૂજના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ થઈ રહેલા સમાજ સેવાના કાર્યો ખરેખર અભિનંદનને પાત્ર છે અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ કઈ રીતે જ્ઞાતિબંધુઓને મળી રહે તે માટે શ્રી નરેન્દ્રભાઈનું માર્ગદર્શન મેળવવા યુવા સમિતિના મહામંત્રીશ્રી સુમિતભાઈ ઠક્કરને ભલામણ કરી હતી. આપણા સમાજના અપરીણિત યુવક – યુવતીઓ માટે યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે તે માટે કાર્યરત મુંબઈ સ્થિત 'અંજળ અને અવસર'ના સહકારથી અખિલ ગુજરાત લોહાણા સમાજના અમદાવાદ ખાતે કાર્યાલય ઉપર દર શનિવારે સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ કન્વીનરશ્રી સુભાષભાઈ ઘેલાણી અને શ્રી હર્ષદભાઈ ગણાત્રાની સેવાઓનો નિ:શુલ્ક લાભ લેવા પણ જણાવ્યું હતું. આ ઉપરાંત સમાજલક્ષી સંગઠન, સંકલન, સહકાર તેમજ કોઈપણ માર્ગદર્શન માટે હેલ્પલાઈન નંબર ૦૯૯૦૯૯૯૪૧૯૭ ઉપર

email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઈ કારીયાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરે, આપણે સૌ સાથે મળીને પ્રોફેશનલ લેવલે સમાજને કઈ રીતે ઉપયોગી થઈ શકાય તે બાબતનું ચિંતન કરવા અનુરોધ કર્યો હતો.

આગામી સમયમાં સરકારી અધિકારીનું સન્માન, એક જ દીકરી ધરાવતાં પરિવારોનું સન્માન, રાજકીય ક્ષેત્રે સક્રિય જ્ઞાતિબંધુઓ માટે ચિંતન શિબિર, મહાજનો તથા સંસ્થાઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીઓ માટે વર્કશોપ જેવાં હકારાત્મક અભિગમ સાથેના આયોજનો માટે સૌને માહિતી પૂરી પાડવા અપીલ કરી સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ યજમાન સંસ્થા લોહાણા મહાજન – નારાયણ સરોવર, શ્રી કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલય, ઉપરાંત દયાપર લોહાણા મહાજન, ઘડુલી લોહાણા મહાજન, વર્માનગર લોહાણા મહાજન તથા લખપત તાલુકા લોહાણા મહાજનના હોદ્દેદારોનું એવોર્ડ તથા ખેસ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

પંચમ કારોબારી સભાને સફળ બનાવવા થરાથી શ્રી અચરતભાઈ એસ. ઠક્કર (ડિરેક્ટરશ્રી – ગૃહ નિર્માણ બોર્ડ – ગાંધીનગર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વાત્સલ્ય સમિતિના અધ્યક્ષશ્રી જીતુભાઈ પૂજારા (અમદાવાદ), રમત ગમત સમિતિના અધ્યક્ષશ્રી અશોકભાઈ ગઢીયા (અમદાવાદ), પ્રવાસ સમિતિના અધ્યક્ષશ્રી નિતીનભાઈ ઠક્કર (અમદાવાદ), સંગઠન મંત્રીશ્રી દિલીપભાઈ ધામેચા (પોરબંદર), વિવિધલક્ષી સમિતિના મંત્રી શ્રીમતી ચેતનાબહેન મીસરાણી (જૂનાગઢ), ઝોન કો.ઓર્ડિનેટરશ્રી દયારામભાઈ ઠક્કર (ડીસા), પ્રોજેક્ટ સમિતિના મંત્રીશ્રી પ્રકાશભાઈ ઠક્કર (ડીસા) ઉપરાંત કારોબારી સભ્યશ્રીઓ શ્રી વિનુભાઈ કટારીયા (વાંકાનેર), શ્રી મિતલભાઈ ખેતાણી (રાજકોટ), શ્રી મહેશભાઈ ઉદેચા (ડીસા) વગેરેએ પણ પ્રોત્સાહક હાજરી આપી હતી.

યજમાન સંસ્થા શ્રી કચ્છ નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલયના હોદ્દેદારશ્રી ભરતભાઈ કતીરા દ્વારા સૌ આમંત્રિત મહેમાનો, હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ તેમજ સ્થાનિક જ્ઞાતિબંધુઓ તેમજ અખિલ ગુજરાત લોહાણા સમાજની પંચમ કારોબારી સભાને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ તમામ જ્ઞાતિબંધુઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

અંતમાં મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર દ્વારા રામધૂન બોલાવી પ્રાર્થના અને જય ઘોષ સાથે સભા સમાપ્તિની જાહેરાત કરવામાં આવી હતી અને રાષ્ટ્રગાન સાથે કારોબારી સભા પૂર્ણ કરવામાં આવી હતી.

સમગ્ર સભાનું સંચાલન આગવી શૈલીમાં અલંકારીક ભાષા અને શાયરીના સુમેળ સાથે મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ' દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્વરૂચી ભોજનનો આ સ્વાદ માણી સમાજ સેવાના સંકલ્પ સાથે સૌ હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ તથા જ્ઞાતિબંધુઓએ લોહાણા સમાજના અવિરત વિકાસના વિશ્વાસ સાથે નારાયણ સરોવરથી વિદાય લીધી હતી.

| વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મહામંત્રીશ્રી |
|---|---|---|
| **શ્રી ધનવાનભાઈ કોટક** | **શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર** | **શ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'** |
| **શ્રી દિવ્યેશભાઈ રાજદેવ** | | **શ્રી મુકેશભાઈ ઠક્કર** |

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યક્તિગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૨૫૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહિતી ઘેરબેઠા મેળવો.